कृषि एवं किसान कल्याण मंत्रालय
MINISTRY OF AGRICULTURE AND FARMERS WELFARE

ग्रामीण विकास मंत्रालय
भारत सरकार
MINISTRY OF RURAL DEVELOPMENT
GOVERNMENT OF INDIA

# પ્રાકૃતિક ખેતી

## માટે બનાવવામાં આવતા ઈનપુટ




નેશનલ સેન્ટર ફોર ઓર્ગેનિક એન્ડ નેચરલ ફાર્મિંગ

હાપુર રોડ, કમલા નેહરુ નગર, ગાઝિયાબાદ-2

☎ 0120-2764212; 2764906; ફેક્સ 0120-2764901

ઈમેલ: nbdc@nic.in

# બીજામૃત

✓ **બનાવવા માટે જોઈતી સામગ્રી**

- પાણી - 20 લિટર
- ગાયનું છાણ - 5 કિ.ગ્રા
- ગૌમૂત્ર - 5 લીટર
- ચૂનો - 50 ગ્રામ
- માટી - મુઠ્ઠીભર




- **બનાવવામાટેની રીત**
  - 5 કિ.ગ્રા ગાયનું તાજું છાણ એક કપડામાં લઈ પાણી ભરેલા પાત્રમાં લટકાવી રાખવું. જેથી છાણ માં રહેલા દ્રવ્યો પાણીમાં આવી જાય.
  - તે જ પ્રમાણે 50 ગ્રામ ચૂનાને 1 લિટરમાં પાણીમાં નાખીને અલગ પાત્રમાં 12-16 કલાક સુધી મૂકી રાખો.
  - 12 -16 કલાક બાદ પાણીની અંદર કપડામાં રાખેલ છાણને નીચોવીને અલગ કરો.
  - તેમાં 5 લિટર ગૌમૂત્ર + 50 ગ્રામ વડ,પીપળા કે શેઢા પાળાની માટી + 1 લિટર ચૂનાનું પાણી + 20 લિટર પાણી ઉમેરીને તેને 8 થી 12 કલાક મૂકી રાખો.
  - દ્રાવણ ને ગાળી લો અને તેનો ઉપયોગ બીજ માવજત માટે કરી શકાય.
- **ઉપયોગ :** બીજ માવજત માટે દરેક પાકના બીજમાં પટ આપી શકાય. બીજને પટ આપી, હાથથી મિક્સ કરીને તેને સારી રીતે સૂકવીને વાવણી માટે ઉપયોગ લઈ શકાય. બીજના ઝડપી અંકુરણ અને વિકાસ માટે જરૂરી.



**ફાયદા**

- બીજામૃત દ્વારા બીજનો ઉગાવો સારો મળે છે
- છોડમાં રોગપ્રતિકારક શક્તિ વધારે છે.
- બીજામૃત થી જમીનજન્ય ફૂગ સામે રક્ષણ છે.

# જીવામૃત




- **જીવામૃત બનાવવા માટે જરૂરી સામગ્રી**
  1. દેશી ગાયનું છાણ 10 કિ.ગ્રા.
  2. દેશી ગાયનું મૂત્ર 8-10 લીટર
  3. ગોળ 1.5 થી 2 કિ.ગ્રા.
  4. ચણાનો લોટ 1.5 થી 2 કિ.ગ્રા.
  5. પાણી 180 લીટર
  6. ઝાડની નીચેની 500 ગ્રામ માટી

- **બનાવવાની રીત :**
  1. 200 લિટરનું એક ટીપણું લો, ઉપર દર્શાવેલ બધી વસ્તુઓને ટીપણામાં ઓગાળી લો અને પછી ટીપણું ખાલી હોય તેટલું પાણી ભરો.
  2. લાકડી વડે ઘડિયાળના કાંટાની દિશામાં રોજ સવાર-સાંજ બે-ત્રણ મિનિટ સુધી હલાવો અને એવીરીતે બે-ત્રણ દિવસ સુધી હલાવો.
  3. ટીપણાને કોથળાના બારદાનથી ઢાંકી દો અને ટીપણાને મકાનમાં કે ઝાડ નીચે રાખો.
  4. બે-ત્રણ દિવસ પછી જીવામૃત ઉપયોગ માટે તૈયાર થઈ જશે.

- **જીવામૃતનો ઉપયોગ**
  - એક એકર જમીન માટે 200 લિટર જીવામૃત સિંચાઈના પાણીમાં ભેળવીને પણ વાપરી શકાય છે
  - મહિનામાં બે વાર તેના પાક પર છંટકાવ કરીને પણ વાપરી શકાય છે.

- **ફાયદા**
  - પાક પર છંટકાવ  કરવાથી પાકના વૃદ્ધિ અને ફાલ વધારનાર તરીકે કામ કરે છે (@5-10% પાણી સાથે સ્પ્રે)
  - જમીનની ફળદ્રુપતામાં વધારો કરે છે. (સિંચાઈના પાણી સાથે આપવાથી)



# ઘન જીવામૃત




- **ઘન જીવામૃત બનાવવા માટે જરૂરી સામગ્રી**
  1. દેશી ગાયનું છાણ 100 કિ.ગ્રા.
  2. દેશી ગાયનું મૂત્ર જરૂરિયાત મુજબ
  3. ગોળ 1.5 થી 2 કિ.ગ્રા.
  4. ચણાનો લોટ 1.5 થી 2 કિ.ગ્રા.
  5. ઝાડની નીચેની 500 ગ્રામ માટી

- **બનાવવાની રીત :**
  - 100 કિગ્રા સારી રીતે સૂકાયેલ ગાયનું છાણ લો અને તેને જમીન પર પથરો.
  - ગૌમૂત્ર સાથે ગોળ સારી રીતે મિશ્રણ કરો.
  - ગોળ અને ગૌમૂત્ર સારી રીતે મિશ્રણ કર્યા, ત્યારબાદ તેને ગોબરમાં મિશ્રણ કરો, પછી તેમાં ચણાનો લોટ મિશ્રણ કરો.
  - બધું બરાબર મિશ્રણ કરી ચાર-પાંચ દિવસ છાંયડામાં રાખો.
  - હવે આ મિશ્રણને બારીક પીસી લો, જે ખેતરમાં ઉપયોગમાં લેવા માટે તૈયાર છે, જેને ઘન જીવામૃત કહેવામાં આવે છે.

- **ઘન જીવામૃતનો ઉપયોગ કેવી રીતે કરવો**
  - વાવણી સમયે પ્રતિ એકર 100 કિલો ઘનજીવામૃત આપવું

- **ફાયદા**
  - જમીનમાં સૂક્ષ્મજીવાણુઓની સંખ્યામાં વધારો કરે છે અને તેમના દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિને ઝડપી બનાવે છે તથા ખેતરમાં રહેલ અવશેષોને વિઘટન દ્વારા પોષક તત્વોની ઉપલબ્ધતામાં વધારો કરે છે.



# નીમાંસ્ત્ર




- **નીમાંસ્ત્ર બનાવવા માટે જરૂરી સામગ્રી**
  - લીમડાના પાન - 5 કિ.ગ્રા
  - ગૌમૂત્ર - 5 લીટર
  - ગાયનું છાણ - 1 કિ.ગ્રા
  - પાણી - 100 લિટર

- **બનાવવાની રીત :**
  - લીમડાના પાંચ કિલો લીલા પાંદડા લો અથવા પાંચ કિલો લીંબોળી લો.
  - પાંદડા વાટી નાખો અથવા લીંબોળીનો પાવડર બનાવી લો.
  - 100 લિટર પાણીમાં આ પાંદડાની પેસ્ટ અથવા લીંબોળીનો પાવડર નાખો.
  - 5 લીટર ગૌમૂત્ર નાખો અને એક કિલો ગાયનું છાણ ઉપરોક્ત પાણીમાં ઉમેરો.
  - તેને લાકડી વડે હલાવો અને 48 કલાક ઢાંકીને રાખો.
  - દિવસમાં ત્રણ વખત લાકડી દ્વારા હલાવો અને 48 કલાક પછી પાતળા કપડા વડે દ્રાવણને ગાળી લો.

- **ઉપયોગ કરવાની રીત**
  - નીમાંસ્ત્રનું દ્રાવણ ૨-૩ % પાણી સાથે ભેળવી છટકવ કરી શકાય છે
- **ફાયદા**
  - નીમાંસ્ત્રનું દ્રાવણનો છંટકાવ કરવાથી ચુસીયા પ્રકારની જીવતો અને નાની નાની ઈયળોનું નિયંત્રણ કરી શકાય છે.



# બ્રહ્માસ્ત્ર




## ➢ બ્રહ્માસ્ત્ર બનાવવા મટે જરૂરી સામગ્રી

- લીમડાના પાન - 3 કિલો
- કરંજના પાન - 2 કિ.ગ્રા
- સીતાફળના પાંદડા - 2 કિગ્રા
- પપૈયાના પાન - 2 કિ.ગ્રા
- જામફળના પાન - 2 કિ.ગ્રા
- ગૌમૂત્ર - 10 લિટર

- **બનાવવાની રીત :**
    - 10 લિટર ગૌમૂત્ર લો
    - લીમડાના 03 કિલો લીલા પાંદડાની ચટણી બનાવો.
    - 02 કિલો કરંજના પાંદડાની ચટણી બનાવો.
    - 02 કિલો કસ્ટર્ડ સફરજનના પાંદડાની ચટણી બનાવો.
    - 02 કિલો પપૈયાના પાંદડાની ચટણી બનાવો.
    - 02 કિલો જામફળના પાંદડાની ચટણી બનાવો.
    - હવે આ બધા પાનાની ચટણી ને ગૌમૂત્રમાં ઓગાળીને ઉકાળો.
    - 3-4 ઉફાળા આવે પછી તેને ઉતારી લો.
    - તેને 48 કલાક ઠંડુ થવા દો અને પછી પાતળા કપડા વડે ગાળી લ્યો.
    - બ્રહ્માસ્ત્ર છાંટવા માટે તૈયાર છે.

- **ઉપયોગ કરવાની રીત**
    - બ્રહ્માસ્ત્ર નું દ્રાવણ ૨-૩ % પાણી સાથે ભેળવી છટકવ કરી શકાય છે
- **ફાયદા**
    - બ્રહ્માસ્ત્ર નું દ્રાવણ નો છંટકાવ કરવાથી ચુસીયા પ્રકારની જીવતો અને ફળ માખીનું  નિયંત્રણ કરી શકાય છે.



# અગ્નિસ્ત્ર




## ➢ અગ્નિસ્ત્ર બનાવવા મટે જરૂરી સામગ્રી

- લીમડાના પાન - 5કિલો
- લીલા મરચા - 0.5 કિગ્રા
- લસણ - 0.5 કિગ્રા
- ગૌમૂત્ર - 20 લિટર

- **બનાવવાની રીત :**
  - 20 લિટર ગૌમૂત્ર લો
  - લીમડાના 05 કિલો લીલા પાંદડાની ચટણી તેમાં ઉમેરો.
  - 0.5 કિલો વાટેલું લીલું મરચું ઉમેરો.
  - 0.5 કિલો વાટેલું લસણ ઉમેરો.
  - હવે આ બધા મિશ્રણને ગૌમૂત્રમાં ઓગાળીને ઉકાળો.
  - 3-4 ઉફાળા આવે પછી તેને ઉતારી લો.
  - તેને 48 કલાક ઠંડુ થવા દો અને પછી પાતળા કપડા વડે ગાળી લ્યો.
  - બ્રહ્માસ્ત્ર છાંટવા માટે તૈયાર છે.

- **ઉપયોગ કરવાની રીત**
  - બ્રહ્માસ્ત્ર નું દ્રાવણ ૨-૩ % પાણી સાથે ભેળવી છટકવ કરી શકાય છે
- **ફાયદા**

ઝાડના થડ અથવા સાંઠામાં રહેતી જીવતો માટે, તમામ પ્રકારના મોટા બોલવોર્મ્સ અને કેટરપિલર.






# દશપર્ણી અર્ક

**બનાવવાની પધ્ધતિ :** ૨૦૦ લીટર પાણી + ૨૦ લીટર ગૌમુત્ર + ૨ કીગ્રા છાણ + – આ મિશ્રણ લાકડીથી હલાવીને ૨ કલાક છાયામાં કોથળાથી ઢાંકવું જેથી જૈવ-રાસાયણીક બંધ તુટી જાય ત્યારબાદ ઉપરોક્ત મિશ્રણ + ૫૦૦ ગ્રામ હળદરનો પાવડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી +૧૦ ગ્રામ હીંગનો પાવડર. આ મિશ્રણ હલાવીને આખી રાત કોથળાથી ઢાંકવું.

**બીજા દિવસે સવારે** ઉપરોક્ત મિશ્રણ + ૧ કીગ્રા તીખી મરચીની ચટણી + ૫૦૦ ગ્રામ દેશી લસણની ચટણી +૧ કીગ્રા તમાકુનો પાવડર. આ મિશ્રણને ઢાંકીને વરસાદ અને તડકાથી દૂર છાયામાં રાખવું.

**ત્રીજા દિવસે સવારેઉપરોક્ત** મિશ્રણ + ૨ કીગ્રા કડવા લીમડાની ડાળીઓ, પાન +૨ કીગ્રા કરંજના પાન +૨ કીગ્રા એરંડાના પાન +૨ કીગ્રા સીતાફળ/રામફળના પાન +૨ કીગ્રા ધતુરાના પાન + ૨ કીગ્રા બીલી પત્ર +૨ કીગ્રા નગોડના પાન +૨ કીગ્રા તુલસીની ડાળી, પાન +૨ કીગ્રા ગલગોટાના ફુલ, છોડ, પાન +૨ કીગ્રા કડવા કારેલાના પાન +૨ કીગ્રા પપૈયાના પાન +૨ કીગ્રા આકડાના પાન +૨ કીગ્રા કરંજના પાન +૨ કીગ્રા આંબાના પાન +૨ કીગ્રા જામફળના પાન +૨ કીગ્રા હળદરના પાન + ૨ કીગ્રા આદુના પાન +૨ કીગ્રા કરેણના પાન +૨ કીગ્રા દેશી/રામ બાવળના પાન +૨ કીગ્રા બોરડીના પાન +૨ કીગ્રા કુવાડીયાના પાન +૨ કીગ્રા જાસુદના પાન +૨ કીગ્રા સરગવાના પાન
ઉપરોક્ત પૈકી પ્રથમ પાંચ ફરજીયાત લેવાના અને બાકી રહેલા માંથી કોઈપણ પાંચના પાન પસંદ કરવાં ત્યારબાદ આ મિશ્રણને પાણીમાં ડુબાડવું, ૩૦ થી ૪૦ દિવસ સુધી છાયામાં રાખવું. અગાઉ મુજબ દિવસમાં સવાર-સાંજ, ૧-૧ મિનિટ માટે ઘડીયાળનાં કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને સંગ્રહ કરવો.
**છંટકાવ:** પ્રતિ એકર ૨૦૦ લીટર પાણી + ૬ થી ૮ લીટર દશપર્ણી અર્ક
**સંગ્રહણ ક્ષમતા:** ૬ મહીના સુધી ઉપયોગમાં લઈ શકાય
**નિયંત્રણ:** બધા જ પ્રકારની જીવાતો માટે, ઈયળો, થ્રીપ્સ

